ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે (૨૫% લેખે)રૂ.૦.૨૫ કરોડની શેરમુડી ગ્રાન્ટ ફાળવવા બાબત. (વર્ષ ૨૦૨૬-૨૭)

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2026/1303/A-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.ઇ-સાઇન મુજબ.

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file/17/2025/2372/A-1.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૪/૦૫/૨૦૨૬નો પત્ર ક્ર: DDCW/0190/05/2026.

આમુખ:-

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં શેરમુડી ગ્રાન્ટ પેટે રૂ.૧.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૦૭/૦૪/૨૦૨૬ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે શેરમુડી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧.૦૦ કરોડની ગ્રાન્ટમાંથી હાલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૦૫/૦૫/૨૦૨૬ના પત્રથી રૂ.૦.૨૫ કરોડની શેરમુડી ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે શેરમુડી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧.૦૦ કરોડની ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે (૨૫% લેખે) રૂ.૦.૨૫ કરોડની શેરમુડી ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

1. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મૂકેલ ગ્રાન્ટની રક્મ પૈકી જેટલી ગ્રાન્ટ નિગમ પાસે વણવપરાયેલ રહેલ હોય તેને PD-PLA અકાઉન્ટમાં જમા / તબદિલ કરવાની રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.
3. ઉપર્યુકત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ (પગાર ભથ્થાં અને નિગમના અનિવાર્ય વહીવટી ખર્ચ) સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.
4. સને ૨૦૨૬-૨૭ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
5. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.
6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
7. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

8. નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.
9. જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજૂરી બાદ જ ખર્ચ કરી શકાશે.
10. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨, મુખ્ય સદર:૪૨૨૫ અનુ.જાતિ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:03 પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાકીય સહાય, પેટા સદર:03 ઓબીસી-૨૧ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને શેરમુડી હેઠળ આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.
11. હવે પછીની મળવાપાત્ર હપ્તાની ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

3. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૧૦/૦૬/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(દેવ્યાની ઝાલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી.)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by:Devyani Zala
Section Officer
Date:2026.06.19
11:13:50 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign